પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

**♣♣♣♣સભા સરઘસ જાહેરનામું♣♣♣♣**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ**

ક્રમાંક: એસ.બી./જાહેરનામું/૬૬૭૧ /૨૦૨૧
તા. ૨૧ /૧૦/૨૦૨૧

હાલની વર્તમાન પરિસ્થિતીમાં નોવેલ કોરોના વાઇરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. અને રાજકોટ શહેરમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ આંતકવાદી ગતિવિધી / પ્રવૃતિને લક્ષમાં લેતા કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઇ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું મનોજ અગ્રવાલ, આઇ.પી.એસ. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત પોલીસ અધિનિયમ અને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબની મને મળેલ અધિકારની રૂએ રાજકોટ શહેર માં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નરશ્રીના દરજજાથી પો.હેડ કોન્સ.શ્રીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામા નો ભંગ કરનાર વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ - ૧૮૮ તથા જી.પી.એકટ કલમ - ૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે. નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ.

**♣♣♣♣પ્રતિબંધીત કૃત્યો♣♣♣♣**

ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઇ સભા બોલાવવા કે સરઘસ કાઢવા ઉપર.

**♣♣♣♣અમલવારીના પીરીયડ અને વિસ્તાર♣♣♣♣**

આ હુકમનો અમલ તા.૦૧/૧૧/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૧/૧૨/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી.

**♣♣♣♣પ્રતિબંધીત વિસ્તાર♣♣♣♣**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**♣♣♣♣અપવાદ♣♣♣♣**

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખઃ- /૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE
SPL.BR.
RAJKOT CITY

૨૧/૧૦

(મનોજ અગ્રવાલ)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,રાજકોટ

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.

<u>નકલ રવાના:</u>

(૧) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૨) કલેકટરશ્રી, રાજકોટ શહેર
(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૪) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૫) સયુંકત પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨ રાજકોટ શહેર.
(૭) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ઉત્તર/દક્ષિણ/પુર્વ/ પશ્ચિમ/કાઇમ બ્રાંચ/એસ.સી.એસ.ટી.સેલ/પો.હે.કવા./ટ્રાફીક, રાજકોટ
(૮) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૯) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૦) નિયામકશ્રી, માહીતી ખાતું ડો.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.
(૧૧) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૨) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૩) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(પાંચ નકલમાં.. નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૪) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૫) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (વર્તમાનપત્રોને આપવા સારૂ.)
(૧૬) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૧૮) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
<u>(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)</u>

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY